**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૫૭ ટકા

# સે-૨૪માં અણઘડ રીતે કરાયેલા રોડના નવીનીકરણથી વરસાદી પાણી ઘરમાં ઘુસ્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કેટલાંક સેક્ટરમાં નવીનીકરણમાં તંત્ર દ્વારા અણઘડ નીતિથી જુના રોડની ઉપર ફરીથી બીજો રોડ અને એના ઉપર ફરીથી દ્વારા રોડ સાઈડની વરસાદી પાણીના નિકાલની ગટર પણ ઊંચી લેવડાવવામાં આવી છે જેના કારણે



રોડ-રસ્તાનું નવીનીકરણ કરવામાં આવ્યું છે પરંતુ આ વિકાસ કાર્ય રહીશો માટે પરેશાનીરૂપ બની જવા પામ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૪માં રોડના નવો રોડ એમ વારંવાર રોડના થર કરવામાં આવ્યાં છે જેના કારણે રોડ સાઈડના રહીશોના ઘરના લેવલ કરતા રોડના લેવલ ઊંચા થઈ ગયા છે અને એની સાથે તંત્ર વરસાદી પાણી તેમાં જવાને બદલે રહીશોના ઘરના કંમ્પાઉન્ડમાં ઘૂસી જવા પામે છે.

તાજેતરમાં શહેરમાં તાઉતે વાવાઝોડા સાથે વરસેલા વરસાદના પાણી રહીશોના ઘરના કંપાઉન્ડમાં ઘુસી જવા પામ્યાં હતા. આ સ્થિતિમાં આગામી ચોમાસામાં જયારે સળંગ વરસાદી સીઝન જામશે ત્યારે રહીશોની હાલત કફોડી બની જશે. રહીશોનું માનવું છે કે તંત્ર નવા રોડ બનાવવાનું કાર્ય કરી રહ્યું છે તે આવકારદાયક બાબત છે પરંતુ જો જુના રોડને પહેલાં ઉખાડી એજ લેવલના રોડ ફરી બનાવવામાં આવે તો રોડ રહીશોના ઘરના લેવલથી નીચે રહે અને વરસાદી પાણીના નિકાલની ગટર પણ નીચે રહે જેથી વરસાદી પાણીનો આસાનીથી નિકાલ થઈ જાય. જોકે જે રીતે માત્ર જુના રોડ પર જ ડામર પાથરી દઈને નવો રોડ બનાવી દેવાની નીતિ જોવા મળી રહી છે તે વિકાસ કાર્યોમાં આચરાતી બેદરકારી અને અણઘડ વહીવટ સાથે ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

# વાવાઝોડાથી ઈંટ ઉદ્યોગને મોટું નુકશાન

## વરસાદથી ઈંટવાડામાં ઈંટો પલળી જતા લાખોનું નુકશાન

ગાંધીનગર, તા.૨૦

તૌક-તે વાવાઝોડાને પગલે સમગ્ર રાજયમાં વરસાદ અને તેજ પવન ફુંકાયો હતો. આ કમોસમી વરસાદને પગલે ઈંટ ઉદ્યોગને મોટું નુકશાન થવા પામ્યું છે. ઈંટવાડામાં ૫૦ ટકા તૈયાર થયેલી ઈંટો પલળી જતા નકામી થઈ ગઈ છે અને લીગ્નાઈટ કોલસો પણ માટી જેવો થઈ ગયો છે. અખાત્રીજ સુધી તૈયાર થયેલી ૫૦ ટકા કાચી ઈંટો વરસાદમાં પલળતા ઈંટ ઉત્પાદકોની હાલત દયનીય બની ગઈ છે. જયારે પાકી ઈંટો ગણ્યાંગાંઠ્યા વેપારીઓ પાસે છે અને ગણતરીનો સ્ટોક હોવાથી ઈંટોની અછત સર્જાય તેવી શક્યતા છે.



શ્રી ઉતર ગુજરાત ઈંટ ઉત્પાદક મંડળના પ્રમુખ ધનજીભાઈ પ્રજાપતિના જણાવ્યા મુજબ ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ જિલ્લામાં ઈંટોનું ઉત્પાદન વધુ થાય છે. આ વરસાદે ઈંટવાડાઓની કમર તોડી નાંખી છે. કોરોના સમયમાં મજુરોની અછતને પગલે સિઝનનો માલ બનાવી શક્યા ન હતા. જે માલ કમોસમી વરસાદમાં પલળી ગયો છે. ઈંટો ૫૦ ટકા પલળી જવાથી માટી જેવો માલ થઈ ગયો છે તો બીજી તરફ કોલસો પણ બગડી ગયો છે. સમગ્ર પરિવારના સભ્યો મહેનત કરીને ઈંટવાડામાં વર્ષે બે થી ત્રણ લાખ ઈંટો તૈયાર કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે કાચો માલ વરસાદમાં પલળી જતા પરિવારોની હાલત દયનીય બની ગઈ છે. જયારે ઈંટોની સાથે સાથે માટલા, કુંડા, કોડીયા પણ વરસાદમાં બગડી ગયા છે. અચાનક આવી પડેલી આફતથી પ્રજાપતિ સમાજના સભ્યો માટે મોટી આફત ઉભી થઈ છે. વાવાઝોડાને પગલે ઈંટના ભઠ્ઠા બંધ કરવાની ફરજ પડી છે. જયારે કાચો માલ પલળી જતા અન્યત્ર ખસેડવાની જરુરીયાત ઉભી થઈ છે. ઈંટ સહિત ડાંગરની ફોતરી, રાખોડી, લીગ્નાઈટ કોલસો પણ બગડી જતા કોઈ કામમાં આવે તેમ નથી. જયારે ડીઝલના ભાવ વધતા કોલસો પણ મોંઘો બન્યો હતો. હાલના સમયે પાકો માલ ન હોવાથી આગામી સમયમાં બજારમાં પાકી ઈંટોની અછત ઉભી થાય તેવી શક્યતા છે.

## જન્મદિને વધામણી



કે ડી રોહિત
ચેરમેન-ગ્રાહક સુરક્ષા
મો. ૮૫૧૧૭ ૯૮૩૬૮



મીનાક્ષી જયસિંઘાની
લાયોનેસ ક્લબ



અશ્વિનકુમાર માણેકલાલ વ્યાસ
ફોન : ૨૩૨૨૬૦૯૮



તુષારકુમાર મુળજીભાઈ પરમાર
મો. ૯૮૨૪૧ ૬૪૦૦૩



અખિલેશ પુરોહિત
યુવા કથાકાર, ગાંધીનગર



અરવિંદભાઈ દરજી
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



ઈલાબેન જોશી



કડવાત્તર લલીતાબેન આર.

## ખૂણેખાંચરેથી

● અમદાવાદ-કડી-વિજાપુર શ્રીમાળી સોની ઉત્તેજક મંડળ દ્વારા આ શનિવારે રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન જ્ઞાતિના તમામ ઘરોમાં "હનુમાન ચાલીસા"ના પાંચ પાઠનું પઠન કરવાનો નિર્ણય કર્યો છે.

● કોલવડા ગામમાં આજે સૌનું ઝડપી આરોગ્ય સ્વસ્થ બને તે માટે પાટીદાર સમાજ અને ગ્રામજનો દ્વારા હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે કરવામાં આવ્યુ હતુ. દરેક જ્ઞાતિના કુળદેવીના મંદિરે સુખડી અને શ્રીફળનો થાળ કરાયો હતો.

● રાષ્ટ્રીય વિકલાંગ પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે આજે અમદાવાદમાં વૃક્ષારોપણ કરી હોદ્દેદારોએ કેક આપી હતી.

● રાજ્ય સરકાર દ્વારા તાઉતે વાવાઝોડાના અસરગ્રસ્તોને ઝડપી સહાય મળે તે માટે સર્વેની માર્ગદર્શિકા તેમજ તે અંગેના જરૂરી પરિપત્રો અને સહાય મેળવવા માટેના ફોર્મ જારી કરી દેવામાં આવ્યા છે.

● ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૧ ના અપક્ષ ઉમેદવાર ગિરીશભાઈ પટેલ કોરોના સામેનો જંગ હારી ગયા છે. મનપાની ચૂંટણીમાં ઝંપલાવનાર ત્રીજા ઉમેદવાર કોરોના સામેનો જંગ હારી ગયા છે.

● દેશમાં કોરોનાના વધેલા સંક્રમણને ધ્યાને રાખી ભારત સરકારે ટીડીએસ, ઈન્કમટેક્ષ રિટર્નસ, એ.એફ.ટી., આઈટીઆર, ટી.એ.આર., ટીપી ઓડિટની મુદતમાં વધારો કરવાના હુકમો કર્યા છે.

● તાઉતે વાવાઝોડા પછી વધુ અસરગ્રસ્ત ચાર જિલ્લાઓમાં પુનઃવસન અને સહાયની કામગીરીના સંકલન અને માર્ગદર્શન માટે ચાર ઉચ્ચ સનદી અધિકારીઓને જિલ્લાઓની જવાબદારી સોંપી છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે ૧૩ મૃતકોની અંતિમ વિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરાઈ હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઈનોવેટીવ શિક્ષકોને પ્રોત્સાહિત કરતો નેશનલ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશન દ્વારા તારીખ ૨૦મી મેના રોજ ગુજરાત અને અન્ય રાજયોના પ્રયોગશીલ અને ઈનોવેટિવ શિક્ષકોને પ્રોત્સાહિત કરતો નેશનલ વેબિનાર યોજાયો હતો.

વેબિનારના મુખ્ય વકતા વિજય શેરી ચંદજીએ પોતાના અનુભવો અને શિક્ષકના દર્શન થકી બાળકોમાં કેવું કેવું પરિવર્તન લાવી શકાય આ બાબત પર પ્રકાશ પાડયો હતો. તેમણે શિક્ષકોને પોતાના વિષયને વધારે રસપ્રદ અને અનોખી રીતે શીખવવાના ઉદાહરણ સાથે પ્રયોગોની વાત કરી હતી. ઈનોવેટિવ કાર્ય કરતા અને શિક્ષકોના કાર્યોનો ઉલ્લેખ પણ કર્યો હતો.

આ વેબિનારમાં ઉત્સાહભેર ભારતભરના ૫૦૦થી વધારે ઈનોવેટિવ શિક્ષકોએ રજિસ્ટ્રેશન કરાવ્યુ હતું તેમજ ફેસબુકના માધ્યમથી ૮૯૩૦ જેટલા ઈનોવેટિવ શિક્ષકોએ વેબિનારનો લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વેબિનારના કો ઓર્ડિનેટર ડૉ. કુણાલ પંચાલ તથા આભારવિધિ ડૉ. જીજ્ઞેશ પટેલે કરી હતી.

# કોરોનામાં મૃત્યુ પામેલા અનુસૂચિત જાતિના વારસદારોને મરણ સહાય ચુકવવા રજુઆત

ગાંધીનગર, તા.૨૦

કોરોના મહામારીમાં મૃત્યુને ભેટેલા અનુસુચિત જાતિના વારસદારોને તાત્કાલીક મરણ સહાય ચુકવવા સેકટર-૨ બી ના નાગરીકો દ્વારા અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકને લેખિત રજુઆત કરાઈ છે. જેમાં રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના હેઠળ મળતી સહાય કોરોનામાં અવસાન પામેલા અનુસુચિત જાતિના મૃતકના પરિવારને ચુકવાય તેવી રજુઆત કરાઈ છે.

વૈશ્વિક મહામારી કોરોનાએ ભારતમાં ભયંકર ભરડો લીધો છે. તેમાં ગુજરાત પણ બાકાત રહ્યું નથી. ત્યારે કોરોનાની બીજી લ્હેરમાં અસંખ્ય નાગરીકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. કેટલાક પરિવારો બેરોજગાર બની ગયા છે, તો અનેક કુટુંબોએ પોતાના મોભી ગુમાવ્યા છે. ત્યારે કોરોના મહામારીમાં શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં અનુસુચિત જાતિઓમાં પણ મૃત્યુનું પ્રમાણ સવિશેષ જોવા મળ્યું છે. તેમાં વયોવૃધ્ધ નાગરીકો વધુ મૃત્યુને ભેટ્યા છે. રાજય સરકારના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા અને સીધા નિયંત્રણ હેઠળ આવતા અનુસુચિત જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલમાં મુકવામાં આવેલી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજનામાં મરણ જનારના વારસદારોને રૂ.૫ હજાર સહાય આવક મર્યાદાને ધ્યાને રાખીને ચુકવાય છે. ત્યારે આ યોજનાનો પંચાયત કેડરના જિલ્લા નાયબ નિયામક અને સમાજ કલ્યાણ અધિકારી દ્વારા સઘન ઝુબેશ દ્વારા તાલુકાના નિરિક્ષકો દ્વારા સર્વે કરાવવો જોઈએ. જયારે હાલ જે ઓનલાઈન ફોર્મ ભરાવવાની પ્રથા છે તે આંશિક લોકડાઉનની સ્થિતિમાં રદ કરીને ઓફ લાઈન મરણ સહાયના ફોર્મ વારસદારો ને ભરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી છે. કોરોનામાં અવસાન પામેલા અનુસુચિત જાતિના વારસદારોને મરણોતર સહાય નો મહતમ લાભ આપવાથી અનુસુચિત જાતિના મોટા સમુદાયને આર્થિક લાભ આપીને કુટુંબની આજીવીકામાં ઉપયોગી બની શકશે.

# કોરોનાને નાથવા કોલવડા ગામે પાટીદાર સમાજનો લઘુરુદ્ર યજ્ઞ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના કોલવડા ગામના પાટીદાર સમાજ દ્વારા ગ્રામવાસીઓ તથા દેશવાસીઓના આરોગ્ય બાબતે શુભ ફળ પ્રાપ્તિ માટે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીમાં કોલવડાના કેટલાંક ગ્રામવાસીઓ, અધિકારીઓ, કર્મચારીઓ કોરોના સામેનો જંગ હારી જઈને મૃત્યુ પામ્યા હોવાથી તેમની આત્માને સદગતિ-શાંતિ મળે તથા હજુ જે નાગરિકો કોરોના મહામારી સામે લડી રહ્યા છે તેવા તમામ દર્દીઓને જલ્દીથી સાજા થઈને પોતાના રાબેતા મુજબના જીવનમાં પરત ફરે તે માટે કોલવડાના પાટીદાર રામજી મંદિરના પ્રાંગણમાં ભગવાનને યજ્ઞ સ્વરૂપે પ્રાથના અર્ચના કરવામાં આવી હતી. હવન સાથે સાથે ગ્રામવાસીઓમાં 'હમ સબ એક હે'ની ભાવના હોવાથી ગામની દરેક જ્ઞાતીના કુળદેવીના મંદિરે જઈને સુખડી અને શ્રીફળ ભગવાનના ચરણોમાં અર્પણ કરી પ્રાથના કરવામાં આવી હતી. સમગ્ર હવનનું આયોજન કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું.



## ગુલમહોર અને ગરમાળાના સન્માનમાં 'ઝલક'માં રચાશે હરિયાળી રચનાઓ..!

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સાથે ગુલમહોર અને ગરમાળાને સીધો સંબંધ છે. ગાંધીનગરના માર્ગ પીળા ચટ્ટાક ગરમાળાના કારણે પીઠી ચોળીને ઊભેલી નવોઢા જેવા લાગે છે. ગુલમહોર અને ગરમાળાના વૃક્ષો ગાંધીનગર આવનાર આગંતુકોનું સન્માન કરે છે અને એટલે ગુલમહોર અને ગરમાળાના સન્માન માટે ગાંધીનગર સાહિત્યસભા જૂન મહિનામાં એમનાં ઇ મેગેઝિન ઝલકમાં 'પ્રકૃતિ પર્વ' સાથે હરિયાળી રચનાઓ લઈને આવી રહ્યું છે.

ઝલક ઇ મેગેઝિનના સંપાદક કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ' પોતે વન વિભાગમાં સુદિર્ઘ સેવાઓ આપી નિવૃત્ત થયા છે એટલે સ્વાભાવિક રીતે એમને 'પ્રકૃતિ પર્વ' વિશે પ્રેમ હોય, આ સમગ્ર મેગેઝિનનું તેઓ સંપાદક કરશે જ્યારે અજય રાવલ અને ડો. દિશા પોપટ સહ સંપાદક તરીકે સેવા આપશે. ગાંધીનગર સાહિત્યસભા ઈમેલ gsahityasabha@gmail.com પર તમારી સ્વરચિત રચનાઓ દિનાંક ૩૧મી મે સુધી મોકલી આપવા ડો. દિશા પોપટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે અનલોક ચાલુ થાય છે... એટલે તારે મને, કચરા, પોતા, વાસણમાંથી કાંઈક તો કામ ઓછું કરી દેવું પડશે.

# રોજગાર કચેરી દ્વારા કારકિર્દીને મૂઝવંતા પ્રશ્નો અને રોજગારની તકોની માહિતી ફેસબુક, ટેલિફોન તથા વેબિનારથી આપવાનો નવતર અભિગમ

ગાંધીનગર, તા.૨૦

હાલમાં નોવેલ કોવિડ-૧૯ના સંક્રમણને કારણે રૂબરૂ સેવાઓનો લાભ લેવો કઠીન બની ગયો છે. જેથી સરકારશ્રીની વિવિધ સેવાઓના લાભથી કોઈપણ યુવાધન વંચિત ના રહે તે માટે આવા સમયમાં યુવાનો અને રોજગારવાન્છુંઓ ઘરમાં સુરક્ષિત રહીને રોજગાર કચેરીની વિવિધ સેવાઓ ઘરે બેઠા મેળવે તેવી સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા રોજગાર કચેરી-ગાંધીનગર દ્વારા વિવિધ વિષયો પર ટેલીફોનીક, ફેસબુક તેમજ ઓનલાઈન વેબિનાર દ્વારા માહિતી આપવામાં આવી રહી છે.

જેમાં વિદ્યાર્થીઓ કે રોજગારવાંછું પોતાની શૈક્ષણિક લાયકાત અનુરૂપ રોજગારમેળાઓ દ્વારા ક્યારે રોજગારી મેળવી શકે તથા રોજગાર કચેરીમાં પોતાની નામ નોંધણી કેવી રીતે કરાવી શકે છે. તેમની કારકિર્દીને મુંઝવતા પ્રશ્નો , વિદેશમાં અભ્યાસ અને રોજગારીની તકો કે પછી સ્વરોજગાર યોજનાઓની માહિતી મેળવવી હોય જેવી તમામ સેવાઓ અંગેનું માર્ગદર્શન માત્ર એક ફોન કોલ પર કેવી રીતે રોજગાર કચેરીના તજજ્ઞ કેરિયર કાઉન્સેલરો તેમજ ઓવરસીઝ માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદના તજજ્ઞ કાઉન્સેલરશ્રી દ્વારા વિનામુલ્ય મેળવી શકશે. તે અંગેની વ્યવસ્થા રોજગાર કચેરી દ્વારા કરવામાં આવી છે.

આ સેવાઓનો લાભ લેવા માંગતા ઉમેદવારો અને વિદ્યાર્થીઓએ ફોન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ નંબર પર માત્ર એક ફોન કરવાનો રહેશે. તથા રોજગાર કચેરીના ફેસબુક પેઈજ **www.facebook.com/mccgandhinagar.govt** ને લાઈક કરવાનું રહેશે જેથી તમામ વિદ્યાર્થીઓ અને રોજગારવાચ્છુઓ નિયમિત રોજગાર સંબંધિત માહિતી મેળવી શકે છે, રોજગાર અધિકારી (જનરલ)એ જણાવ્યું છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. સોલંકી પીન્કીબેન પ્રવિણભાઈ,** ઉ.વ. ૫૩, માણસા
- **સ્વ. પટેલ ગાંડાભાઈ મગનભાઈ,** ઉ.વ. ૬૩, હસ્નાપુર, વિજાપુર
- **સ્વ. જોષી દિલીપકુમાર હરીશંકર,** ઉ.વ. ૫૭, જીઈબી, સે-૩૦
- **સ્વ. પ્રજાપતિ જીજીબેન કોદરભાઈ,** ઉ.વ. ૭૭, વા. રાઠોડ, દહેગામ
- **સ્વ. ડેગોનકર અનંત,** ઉ.વ. ૫૬, રાંદેસણ
- **સ્વ. દરબાર નરેશકુમાર જશુજી,** ઉ.વ. ૪૦, મોખાસણ, કલોલ
- **સ્વ. ઝાલા જડીબા ગોડાભાઈ,** ઉ.વ. ૭૫, અમરાજીના મુવાડા, દહેગામ
- **સ્વ. શર્મા રમણભાઈ જેણાભાઈ,** ઉ.વ. ૮૪, સેકટર-૫
- **સ્વ. ગોસ્વામી લક્ષ્મીબેન કૈલાસગીરી,** ઉ.વ. ૭૫, વડસ્મા, મહેસાણા
- **સ્વ. રાણા પ્રભાતભા કરણસિંહ,** ઉ.વ. ૬૫, ધરમપુર (ભૂંડીયા)
- **સ્વ. બિહોલા જયશ્રીબેન રામચંદ્રસિંહ,** ઉ.વ. ૫૦, પાલજ
- **સ્વ. મકવાણા કોદરજી મફાજી,** ઉ.વ. ૫૬, ઈન્દ્રોડા
- **સ્વ. ઠાકોર ગાંડાજી કાનાજી,** ઉ.વ. ૬૪, પિયજ, કલોલ
- **સ્વ. પરમાર નટવરલાલ વીરાજી,** ઉ.વ. ૬૫, વઢવાણ, સુ.નગર
- **સ્વ. પોકાર અરવિંદકુમાર વિશ્રામભાઈ,** ઉ.વ. ૫૦, પેથાપુર
- **સ્વ. પટેલ રમણલાલ પુંજાભાઈ,** ઉ.વ. ૮૦, આંબાવાડી, અમદાવાદ
- **સ્વ. સોલંકી કેશીબેન કનુજી,** ઉ.વ. ૫૭, ડભોડા
- **સ્વ. ગોસ્વામી સુખદેવગીરી છગનદાસ,** ઉ.વ. ૯૦, ચાંદીસણા, માણસા
- **સ્વ. મકવાણા મઘાભાઈ કાનાભાઈ,** ઉ.વ. ૯૦, સે-૨૪, છાપરાં
- **સ્વ. ભરવાડ ગોવિંદભાઈ દેવાભાઈ,** ઉ.વ. ૬૮, ભાટ

# સ્મશાન-કબ્રસ્તાનના સફાઈ કર્મીઓ-મદદનીશોને સન્માનતું વસાહત મહાસંઘ

## પૂર્વ ડે. મેયર નાજાભાઈ ઘાંઘરની ઉપસ્થિતિમાં મુક્તિધામ, રૂદ્રભૂમિ સ્મશાનો તથા ચરેડી કબ્રસ્તાનના કર્મચારીઓને અનાજ-કરિયાણાની કીટ અપાઈ

ગાંધીનગર, તા.૨૦

છેલ્લા સવા વર્ષ કરતા પણ વધુ સમયથી પ્રવર્તમાન કોરોના મહામારીના સમયાં જે સ્થિતિ સર્જાઈ છે તેમાં વિવિધ કોરોના વોરિયર્સની સેવાઓ અવિરતપણે ચાલુ રહી છે જેના કારણે મહામારીને મકકમ લડત આપવી શકય બન્યું છે. એક તરફ જયાં સામાન્ય નાગરિકો પોતાના ઘરોમાં પુરાયેલા હતા ત્યારે પણ આ કોરોના વોરિયર્સ મહામારી સામેની લડતના મોરચે અડીખમ રહીને સેવા આપી રહ્યા હતા અને આજે પણ આપી રહ્યા છે. આ કોરોના વોરિયર્સમાં તબીબો, આનુષંગિક તબીબી સ્ટાફ, પોલીસ, પત્રકારો, વહીવટી કર્મચારીઓ, ફાયર બ્રિગેડ વગેરે ઉપરાંત સ્વચ્છતા કર્મીઓનો પણ સમાવેશ થાય છે. વળી, સ્મશાન કે કબ્રસ્તાનમાં સેવા આપતા સ્વચ્છતા



કર્મીઓ કે મદદનીશો માટે તો કોરોનાની બીજી લહેરથી જોખમ જાણે બેવડાયું છે તેમ છતાં સતત ફરજ બજાવવામાં હાજર એવા આ કોરોના વોરિયર્સને આજે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

શહેરના મુકિતધામ સ્મશાન, રૂદ્રભૂમિ સ્મશાન અને ચરેડી કબ્રસ્તાન પાસે ફરજ બજાવી રહેલા સફાઈ કર્મચારીઓ, હેલ્પરો તથા ચોકીદાર જેવા કર્મચારીઓને આજે મહાનગરપાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરની ઉપસ્થિતિમાં મહાસંઘ દ્વારા અનાજ કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં રોજીંદા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે સેનેટાઈઝર-માસ્કનો પણ સમાવેશ કરાયો હતો. આ કાર્યક્રમ વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાનીમાં અન્ય હોદ્દેદારો રાજેન્દ્ર પારેખ, જયેશભાઈ આગજા, કાનજીભાઈ દેસાઈ, સી.કે. સોની, ઘનશ્યામસિંહ ગોલ, જયેન્દ્રભાઈ ઠકકર, મહમંદ ચેબા, નિલેન્દુ વોરા, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવ સુથાર, રશ્મિકાંત પંડયા, બાબુભાઈ પ્રજાપતિ, ડાહ્યાભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ પરમાર, અંજનાબેન રાઠોડ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમના સમાપને કોરોના મહામારીના હતભાગી મૃતકોના આત્માની સદગતિ-શાંતિ અર્થે મૌન પાળી સર્વ ધર્મ પ્રાર્થના કરવામાં આવી હતી.